ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

Fax: (079) 2630 2654
Phone : 26301341-26300342-43
26300126
Telegram : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# G U J A R A T U N I V E R S I T Y

**( NAAC Accredited B ++ )**

**www.gujaratuniversity.org.in**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બો સ નં. ૪૦૧૦
NAVARANGPURA,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010,
AHMEDABAD-380009. (INDIA)

---

**નં. /પરીક્ષા/૪-અ/ ૨૯૦૯૯ /૨૦૨૩** **તા. ૨૮/૧૧/૨૦૨૩**

પરિપત્ર નં.: ૩૨૨

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

**વિષય : મધ્યસ્થ મૂલ્યાંકન બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે માનનીય કુલપતીશ્રીના આદેશાનુસાર જણાવવાનુકે ગુજરાત યુનીવર્સીટીની વિવિધ વિધ્યાશાખાઓની પરીક્ષાની ઉત્તરવહીઓ મૂલ્યાંકન માટે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રની જોગવાઈ કરવામાં આવી છે. યુનિવર્સિટી તરફથી પરિણામો સમયસર આવે તે માટે આપની કોલેજના અધ્યાપકોને મૂલ્યાંકનની કામગીરી માટે મોકલીને સહકાર આપવો આવશ્યક છે. અધ્યાપકોએ ઓછામાં ઓછી ૨૦૦ ( બસો ) ઉત્તરવહીઓ અથવા ભાગે પડતી ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે અને આ કાર્ય કર્યા અંગેનું પ્રમાણપત્ર કો-ઓર્ડિનેટરશ્રી મારફતેથી મેળવી આચાર્યશ્રીને રજૂ કરવાનું રહેશે. જેથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે આપની કોલેજમાથી એસેસમેન્ટ (મૂલ્યાંકન) માટે આવતા અધ્યાપકોને **ON DUTY** ( OD -ફરજ પર હજાર ) ગણી કોલેજમાં હાજરી પુરાવાનો આગ્રહ રાખવો નહી. દરેક અધ્યાપકોએ યુનિવર્સિટી ધારા ધોરણ મુજબ તથા ભાગે આવતા પેપર તપાસવાના રહેશે, આચાર્યશ્રીએ આ પરિપત્ર સંદર્ભે દરેક અધ્યાપકશ્રીને મૂલ્યાંકનની કામગરી અર્થે જાણ કરવા આથી જણાવવામાં આવે છે. નહિતર કસુરવાની જાણ Higher Educationમાં કરવાની ફરજ પડશે.

Sd/-
**કુલસચિવ**